સને ૨૦૨૫-૨૬ના વર્ષના અંદાજપત્રમાં વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગને સંબંધિત રૂ.૧૦.૦૦ કરોડ સુધીની ચાલુ બાબતોને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2024/2143/A-1

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૫/૦૩/૨૦૨૫

વંચાણે લીધા:

(૧) નાણાં વિભાગનો તા.૦૭/૦૩/૨૦૨૫ નો પરિપત્ર ક્રમાંક: FD/EXP/e-file/4/2023/3563/Z-1(Economy)

ઠરાવ

વંચાણે લીધેલ ક્રમ-(૧) પરના નાણા વિભાગના તા.૦૭/૦૩/૨૦૨૫ના પરિપત્રથી વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં સમાવેશ થયેલ હોય તેવી ચાલુ બાબતો/યોજનાઓની વહીવટી મંજૂરી મેળવવા અંગેની સુચનાઓ આપવામાં આવેલી છે. જે અન્વયે સને ૨૦૨૫-૨૬ના વર્ષ માટે આ વિભાગ હસ્તકના વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગને સંબંધિત રૂ.૧૦.૦૦ કરોડ સુધીની ૦૨-ચાલુ બાબતને નીચે દર્શાવેલ શરતોને આધિન નીચે મુજબના Annexure મુજબ વહિવટી મંજૂરી આપવામાં આવે છે.

ANNEXURE
LIST OF CONTINOUS / ONGOING SCHEMES 2025-26
DEMAND NO. 92

| Sr. No | Demand No. | Major Head | Sub Major Head | Minor Head | Sub Head | Name of the scheme | Component of the schemes | Provision 2025-26 (Rs. In Crore) |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 92 | 2225 | 04 | 102 | 03 | MNT- 11 Multi Sectoral Development Programme for Minorities (60% CSS) | Pradhan Mantri Jan Vikas Karykram (PMJVK) (Central Share 60%) | 3.00 |
| 2 | 92 | 2225 | 04 | 102 | 04 | | Pradhan Mantri Jan Vikas Karykram (PMJVK) (State Share 40%) | 2.00 |
| | | | | | | | **Total** | **5.00** |

શરતો

(૧) આ યોજનાનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૫થી કરવાનો રહેશે.

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 25-Mar-2025 (01:03 PM)

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ અગાઉ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પદ્ધતિ મુજબની ખરીદી માટેની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM પોર્ટલ પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના-વાંધા પ્રમાણપત્ર (No Objection Certificate) મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતોવખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/કીટની ગુણવત્તા સુનિશ્ચિત કરવાની રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આઈ.ટી. સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૧) Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજૂ કરવાનું રહેશે.

(૧૨) સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

(૧૩) C.M. Dashboard સાથે યોજના Link કરવાની રહેશે.

(૧૪) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૧૫) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૫-૨૬ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 25-Mar-2025 (01:03 PM)

(૧૬) પ્રવર્તમાન યોજનાઓના નોર્મ્સ અને સહાયની રકમોમાં જે ફેરફાર કરવાનો થતો હોય તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

ઉક્ત કોષ્ટકમાં દર્શાવેલ ચાલુ બાબતો માટે આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ની તા.૨૪/૦૩/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આ હુકમો બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 25-Mar-2025 (01:03 PM)

(કલ્પના રાણા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

નકલ રવાના:

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(સા. ન્યા), સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઑડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઈટ પર ઓનલાઈન મુકવા વિનંતી સહ).
- સિલેક્ટ ફાઈલ-૨૦૨૫.